ગાંધીનગર સમાચાર

ગાંધીનગરમાં વાંદરાઓના ત્રાસથી વસાહતીઓ હેરાન પરેશાન

# ગાંધીનગર મેલેરિયા-ડેન્ગ્યુ માટે સંવેદનશીલ

## એક જ દિવસમાં ૧૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા મધર ડેરી, મધુર ડેરી સહિત પાંચ એકમોને તંત્રએ નોટીસ ફટકારી વાહકજન્ય રોગના દર્દીઓમાં ૨૦ ટકાનો વધારો નોંધાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરનો સમગ્ર વિસ્તાર વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યો છે. આ માસમાં જ વાહકજન્ય રોગચાળાના કેસોમાં ૨૦ ટકાથી પણ વધુનો વધારો નોંધાતા હરકતમાં આવેલા તંત્રએ આજે પાંચ એકમોને નોટીસ ફટકારી છે.

શહેરી મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે તંત્રએ એક જ દિવસમાં સે. ૨૫, ૨૬ ૨૭ અને ૨૮માંથી ૧૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં પકડી પાડ્યા છે.

તંત્રની ટીમે આજે મધર ડેરીના પેકેજીંગ યુનિટ જે હિલવુડ સ્કુલ નજીક આવેલ છે ત્યાં તપાસ કરતાં ૧૮ જગ્યાએથી મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્રએ મધર ડેરીના આસિ. જનરલ મેનેજરશ્રીને નોટીસ થમાવી દીધી છે.

ટીમે આ ઉપરાંત મધુર ડેરીમાં પણ તપાસ કરી હતી. જ્યાં બે થી ત્રણ જુની સ્ક્રેપ્ટ કરેલી ઘીની ટાંકી અને સ્ટીલના કન્ટેઈનરોમાંથી મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢ્યા હતા. આ ઉપરાંત સાત જુદા જુદા સંકુલના સ્થાનો પરથી પણ બ્રિડીંગો મળતાં મધુર ડેરીના મેને. ડિરેક્ટર શ્રી મહેતાને નોટીસ પાઠવી છે.

ટીમે આજે જી.આઈ.ડી.સી.ની સે. ૨૬, ૨૫, ૨૭ અને ૨૮ને અડીને આવેલ જુદી જુદી ૧૦૩૬ જેટલી ફેક્ટરીઓની મુલાકાત લઈ અને ૨૩૨૯ જેટલા પાત્રોની ચકાસણી કરતાં ૮૦ જેટલા સ્થાનો પર મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે.

તંત્રએ સિવિલ હોસ્પિટલના નવા સંકુલનું નિર્માણ કરતા પી.આઈ.યુ. યુનિટ, એક્ઝીબીશન સેન્ટરનું સંચાલન કરતા ઈન્ડેક્ષ-બી તેમજ મહાત્મા મંદિરમાં કન્સ્ટ્રક્શન કામ કરનાર કોન્ટ્રાક્ટર શાપુર પાલનજીને પણ નોટીસ ફટકારી છે.

મેલેરિયા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ નોટીસો પછી પણ જવાબદારો દ્વારા જો મચ્છરોના નિયંત્રણ માટેની કામગીરી નહિ કરવામાં આવે તો સિલીંગ સહિતની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી છે.

જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ૬૬૭ જેટલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહ્યા હોવાથી તંત્રએ ત્યાં બાયોલોજીકલ ટ્રીટમેન્ટ કરી અને એન્ટી લારવેલની કામગીરી હાથ ધરેલ છે.

મળતી વિગતો મુજબ તંત્રએ આ માસમાં જ ૫૭,૩૩૭ યુનિટોને સર્વેલન્સમાં આવરી લીધો છે અને તેના ૧,૧૬,૦૭૧ પાત્રોની ચકાસણી

● અનુસંધાન પાન-૭ પર

# ત્રણ અધિકારીઓની તપાસ ટીમ સિવિલ હોસ્પિટલમાં ત્રાટકી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે રાજ્યના ત્રણ ઉચ્ચ અધિકારીઓની તપાસ ટીમે સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લઈ અને સેવાઓ તેમજ ગુણવત્તા અને દવાના જથ્થાને લઈ તપાસ હાથ ધરી હતી.

## ચાર કલાક સુધી તપાસ કરી રિપોર્ટ તૈયાર કરાયો

રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીની ગત પખવાડિયાની મુલાકાત પછી અધિકારીઓ સાથેની બેઠક બાદ સિવિલ હોસ્પિટલની સેવાઓ, ગુણવત્તા તેમજ દવાના જથ્થાની ઓચિંતી તપાસ કરવા માટે ત્રણ ઉચ્ચ અધિકારીઓની ટીમ રચવામાં આવી હતી.

ડૉ. ભાવસાર (સોલા હોસ્પિટલ), ડૉ. દિનકર રાવલ (વિભાગીય નિયામક), ડૉ. જાડેજા (નાયબ નિયામક આરોગ્ય) ની ટીમ આજે સિવિલ હોસ્પિટલ આવી પહોંચી હતી.

આ ટીમે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓને અપાતી સેવાઓની ચકાસણી કરી હતી. આ પછી ટીમે સેવાઓની ગુણવત્તા તેમજ સારવારને લઈ પણ વિવિધ વોર્ડની મુલાકાત લીધી હતી.

ટીમે છેલ્લે સ્ટોરની મુલાકાત લઈ અને દવાના જથ્થાની ચકાસણી પણ કરી હતી. ટીમે સિવિલ સત્તાવાળાઓ સાથે કેટલીક મેડીકલ ટર્મીનોલોજીમાં પૃચ્છાઓ પણ કરી અને પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો છે.

મળતી વિગતો મુજબ ટીમને તેની આજની તપાસમાં સંતોષ જણાયો છે અને હવે તેઓ પોતાનો વિગતવાર અહેવાલ સરકારને આપશે.

રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીની મુલાકાત વેળાએ પી.આઈ.યુ.ની કામગીરી તેમજ સેવાઓને લઈ વ્યાપક ફરિયાદો મળતાં તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ મુદ્દે પહેલા અધિકારીઓને ચર્ચા માટે બોલાવ્યા હતા અને તેમાં પણ સંતોષ ના થતાં અધિકારીઓની ખાસ ટીમની રચના કરી હતી.

આજે આ ટીમે ચાર કલાક જેટલો સમય સિવિલમાં ગાળ્યો હતો. ટીમે ખુબજ ઝીણવટભરી તપાસ કરી અને પોતાનો રિપોર્ટ તૈયાર કર્યો હતો. એપ.સી.આઈ.ના ઈન્સ્પેક્શનમાં પણ કેટલીક ત્રુટીઓ સેવાઓને લઈ ધ્યાને આવી હતી તે પણ ઉલ્લેખનીય છે. મંત્રીશ્રીની મુલાકાત વેળાએ પણ ત્રુટીઓ જે ધ્યાને આવી હતી તે બધી જ બાબતોને લક્ષમાં લઈ તપાસ ટીમે રિપોર્ટ તૈયાર કર્યો હોવાનું જાણવા મળેલ છે.



**ચારનો ભારો બાઈક પર** - આ જ વિસ્તારમાં માત્ર ૧૦-૧૨ વર્ષ પહેલા માથે ચારનો ભારો લઈને આવતી મહિલાઓ કે પુરુષોના દશ્યો દેખાતા હતા... સમય બદલાતાની સાથે જ હવે ચારનો ભારો બાઈક પર પશુપાલકો લઈ જઈ રહ્યા છે... શહેરની સુવિધા અને ગામડાનો માહોલ માણવો હોય તો ગાંધીનગર જેવું ઉત્તમ સ્થળ બીજે ક્યાંય જોવા નહિ મળે. માત્ર દાયકામાં ગાડી લઈને ગાયો-ભેંસો ચરાવવા જતા પશુપાલકોના દશ્યો પણ અખબારના પાને ચમકે તો નવાઈ જેવું કંઈ નથી.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# વરસાદી તોફાનમાં ધરાશાયી વૃક્ષો દુર કરવા ચોવીસ લાખ ખર્ચાયા

ગાંધીનગર તા ૨૯

શહેરમાં ગત જુલાઈ દરમિયાન વરસાદી વાયરામાં જમીન દોસ્ત થયેલા સેંકડો વૃક્ષો દુર કરવા માટે વન તંત્ર દ્વારા અંદાજિત રૂ ૨૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જો કે વન વિભાગને પોતાના વિભાગ તેમજ માર્ગ મકાન વિભાગ દ્વારા હજુ સુધી ગ્રાન્ટ ન ફળવાતા કામગીરીમાં અડચણ ઉભી થઈ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરમાં હજુ ટ્રીમીંગની કામગીરી પણ યોગ્ય રીતે થઈ શકી નથી.

ગાંધીનગરમાં ચોમાસા દરમિયાન આ વર્ષે સેંકડો વૃક્ષો ધરાશાયી થતા વન વિભાગની કામગીરી બેવડાઈ ગઈ છે. નવા રોપાઓનુ વાવેતર કરવા ઉપરાંત વૃક્ષોના ટ્રમીંગ તેમજ ધરાશાયી થયેલા વૃક્ષોને દુર ખસેડવાના કામમાં વન વિભાગની ટીમ કામે લાગી હતી પરંતુ વૃક્ષો દુર કરવાની ધીમી કામગીરીના લીધે આમ નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે વૃક્ષોનુ સમયસર ટ્રીમીગ પણ ન થતા હાલની

## વન તંત્રને પોતાના વિભાગ તેમજ માર્ગ મકાન વિભાગ તરફથી મળતી ગ્રાંન્ટ ચુકવાઇ નથી : નાણાંના અભાવે કામગીરી ખોરવાઇ હોવાનો ગણગણાટ

સ્થિતિએ સેકટરો તેમજ મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ નગરજનોના અવરોધનુ કારણ બની છે. બીજીતરફ વૃક્ષો દુર કરવાનુ કામ કરતા મજુરોને પગાર પણ ચુકવાયો ન હોવાથી વન તંત્રને હાલ મજુરો પણ મળતા નથી. દરવર્ષે વન વિભાગને માર્ગ મકાન વિભાગ દ્વારા વૃક્ષોના ટ્રીમીંગ તેમજ અન્ય કામગીરી માટે અંદાજિત ૨૫ લાખથી વધુ રકમની ગ્રાંન્ટ ફાળવવામાં આવે છે. આ ઉપરાંત વિભાગ કક્ષાએથી પણ જરૂરી કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેની રકમ પણ હજુ જિલ્લા વન તંત્રને મળી નથી જેના પરિણામે વન વિભાગ માટે કામ કરવાનુ મુશ્કેલ બન્યુ છે. જયારે આ સંજોગોમાં સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગનુ કામ પણ હજુ બાકી છે. બે મહીના પુર્વે ખાબકેલા તોફાની વરસાદમાં જિલ્લામાં સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. જયારે આ વૃક્ષોને દુર કરવા માટે પણ વિભાગને લાખો રૂપિયાનો ખર્ચ થતા અન્ય કામગીરી ઉપર પણ અસર થવા પામી છે.

# ગાંધીનગરમાં વાંદરાઓના ત્રાસથી વસાહતીઓ હેરાન પરેશાન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાંદરાઓનો ત્રાસ ખુબ વધી ગયો છે. ખાસ કરીને સેક્ટર-૧, સેક્ટર-૨, સેક્ટર-૮, સેક્ટર-૭ અને સેક્ટર-૨૯માં સવારના પહોરમાં જ વાંદરાઓના જાણે ધાડેધાડા આવી ચઢે છે અને ખુબ તોફાન મચાવી તોડફોડ કરી વસાહતીઓને હેરાન પરેશાન કરે છે.

ગાંધીનગરની નજીક આવેલા જંગલ વિસ્તાર, સાબરમતી નદીના

## ખોરાકની શોધમાં પ્રકૃતિ ઉદ્યાનથી શહેરમાં આવી ચઢતા વાંદરાઓ નવા સેક્ટરોમાં ભારે તોડફોડ કરે છે

કાંઠાના વિસ્તારો તથા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાંદરાઓની સંખ્યા છેલ્લા કેટલાક દિવસોથી ખુબ વધી ગઈ છે. ખોરાકની શોધમાં વાંદરાઓના ટોળા શહેરમાં અવારનવાર આવી ચઢે છે. ખાસ કરીને જ રોડ અને ચ-રોડને અડીને આવેલા સે.૧, સે. ૨, સે. ૭, સે. ૮, સે. ૯ અને સે. ૨૯માં અવારનવાર વાંદરાઓના ટોળા આવી ચઢે છે. ખાસ કરીન વહેલી સવારે અને બપોરના સમયે આવી ચઢેલા વાંદરાઓના આ ટોળા ખુબ તોફાન કરે છે. વસાહતીઓના ઘરમાં ઘુસી છેક રસોડામાંથી ખાવા-પીવાની ચીજવસ્તુઓ શોધી કાઢે છે અને ડુંગળી, બટેકા, રોટલી, ફ્રુટ જેવી ચીજવસ્તુઓ લઈને નાસી છુટે છે. મહિલાઓ અને બાળકોથી આ

● અનુસંધાન પાન-૭ પર



**શાકભાજીની બોલબાલા** - આજકાલ સંતોષજનક વરસાદના પગલે લીલા શાકભાજી બજારમાં છલકાયા છે... નગરજનો પણ લીલા અને તાજા શાકભાજી ખરીદવા રોજે રોજ શાકમાર્કેટમાં ઉમટે છે... વેપારી ભાષામાં કહીએ તો, શાકભાજીના બજારમાં આજકાલ તેજીનો માહોલ છે...

# નગરના યુવાનો દ્વારા શહેરની ૩૨ સરકારી શાળાઓમાં વિશિષ્ટ પરિક્ષાનુ આયોજન

ગાંધીનગર તા ૨૯

શહેરની સરકારી શાળોઓમાં અભ્યાસ કરતા બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહીત કરવા નગરના યુવાનો દ્વારા આગામી ઓકટોબર મહીનામાં નવતર પ્રયોગ હાથ ધરાશે. શહેરના ૨૦૦ યુવાનો દ્વારા શહેરની ૩૨

## ધો-૩ થી ૮માં ભણતા ૬૧૪૫ વિદ્યાર્થીઓની પરિક્ષા લેવાશે : પ્રત્યેક પરિક્ષાર્થીને ઈનામ અપાશે : લોકભાગીદારીના સહયોગથી ૨ લાખનો ખર્ચ : સરકારી શાળાના શિક્ષણને પ્રોત્સાહીત કરવા યુવા ટીમનો નવતર અભિગમ

જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ૬૧૪૫ વિદ્યાર્થીઓની પરિક્ષા યોજવાનુ આયોજન કરવામાં આવ્યુ છે.આમ નાગરીકોનો સહયોગથી આ ઉમદા કામ હાથ ધરવામાં આવશે. તા ૩ ઓકટોબરના રોજ વિદ્યાર્થીઓની પરિક્ષા લેવાશે. જયારે આ પરિક્ષાલક્ષી આયોજન પાછળ અંદાજિત રૂ ૨ લાખનો ખર્ચ પણ લોકભાગીદારીથી એકત્રિત કરવામાં આવ્યો છે. ઉત્કૃષ્ટ દેખાવ બદલ તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે.

આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં નગરની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા શિક્ષણ વિભાગ દ્વારા પણ નવતર અભિગમ અપનાવાયો છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ આ તબક્કે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના નગરસેવકો તાલીમ લેવા ગોવા જશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલરોને ઓલ ઈન્ડિયા કાઉન્સીલ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટના તાલિમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રૂ. ૭ લાખનો ખર્ચ કરવામાં આવશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની ગુરૂવારે મળનારી બેઠકમાં આ અંગેની દરખાસ્તમાં ભાગ લેવા માટે કાઉન્સીલરો હવાઈમાર્ગે જશે અને થ્રીસ્ટાર હોટેલમાં રોકાશે. ૫ થી ૯ ઓક્ટો.ના આ તાલિમમાં ભાગ લેવા જવા માટે સભ્યોની સંમતિ મેળવવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## તાલિમ માટે ૭ લાખ મનપા ખર્ચશે : ગુરૂવારે સ્થાયી સમિતિની બેઠકમાં આ ખર્ચને મંજૂરીની મહોર લગાવાશે

મળતી વિગતો પ્રમાણે અડધો ડઝનથી પણ વધુ સભ્યોએ આ તાલિમમાં જવાનો હાલ ઈન્કાર કર્યો છે. આ સભ્યોમાં વિપક્ષના સભ્યોની સંખ્યા મોટી હોવાનું પણ જાણવા મળેલ છે.

આ તાલિમમાં જવા માટે સભ્યોએ પરિવારના લોકોને સાથે રાખવા માટેની મંજૂરી માંગી હોવાની વાતો પણ બહાર આવવા પામી છે.

ગુરૂવારે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં ભાગ લેવા માટે જવાના ટુર પેકેજને મંજૂરી આપવા ઉપરાંત વર્ગ-૪ના કર્મચારીઓને ગણવેશ આપવાની બાબત, હિસાબી અધિકારીની મુદત લંબાવવા બાબત તેમજ સબ ફાયર ઓફિસરની તાલિમ માટે નાગપુર કોલેજમાં ગાંધીનગરના ફાયરમેનને જવાની મંજૂરી આપવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા થનાર છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com